ગાંધીનગર સમાચાર

સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

સલામી સવારની..

વાંકાચૂંકા ચીનને વાઈરસી વાટ લાગી ગઈ !
ઘૂસણખોરોના ઘરમાં જ લ્યો ! ખાટ લાગી ગઈ
આગ લાગી ગઈ, ફટાકડાની જ ફેક્ટરીમાં -
તેજ તલવારને મ્યાનમાં જ કાટ લાગી ગઈ !

હાઈકુ

નડે છે કર્મ -
ખોદે તે જ પડે છે -
અહીં નું અહીં !

પેઠા કૈલાસે -
થઈ ગઈ શરદી -
ને થયા દર્દી...

ચિંતન

કાર્યબાહો ન પોષત્યાશ્રિતા નઃ ।

ઉપરોક્ત શ્લોક નીતિશાસ્ત્રમાંથી લેવામાં આવેલ છે.

કર્તવ્યથી પલાયન કરનાર માણસો આશ્રિતોનું પાલન પોષણ કરી નથી શકતા.

કર્તવ્યપાલન એટલે પોતાની ફરજનું ધર્મ - પૂજન - પાઠ જેવા નિયમથી પાલન ઈશ્વરનું કાર્ય સમજી બજાવવાની ફરજ છે. ઈશ્વરને સાક્ષીમાં રાખી નિષ્ઠાપૂર્વક કરવાનું કામ એટલે કર્તવ્ય. ધંધો હોય, કે નોકરી, સ્ત્રીનું રસોડાનું કાર્ય હોય કે પતિનું પરિવાર પ્રત્યનું, સંતાનોનું શિક્ષણકાર્ય હોય કે વડીલોનું વાત્સલ્ય વિતરણ - બધામાં કર્તવ્યપાલન હોવું જ જોઈએ.

એવી જ રીતે પરિવારમાં પુરુષ પણ આવકમાંથી પાલન પોષણ કરવાને બદલે વ્યસનોના રવાડે ચડી ચારિત્ર્યહીન જીવન જીવે તો પણ કુટુંબમાં કંકાસના અગ્નિમાં ભસ્મ થઈ જાય છે. વડીલો પણ વાત્સલ્યની વહેંચણી કરવામાં સ્વાર્થના ત્રાજવે પ્રેમને માપે છે. સંતાનો સૌ સરખા ગુણવાન હોય કે નબળા ઉછેરમાં દોષ તો પોતાનો જ હોય ને!! એ દોષ સ્વીકારી બધી આંખ સરખી જ રાખવી એ વડીલોનું કર્તવ્ય છે.

સુવિચાર

- એક દીવડો મેં હાથ મહીં મૂક્યો ને જાત મારી સૂરજનું તેજ લઈ પ્રગટી, મારા પગલે પગલે તે થયા રસ્તા, કે અંધારું આવી આવીને ગયું અટકી - **રેણુંકા દવે**
- અહંકાર કાયમ એકલો જ મળે છે કારણ કે દિવાલ નિર્માણ એ જ તો એનો ધંધો છે, જયારે પ્રેમ કયારેય એકલો મળતો નથી કારણ કે પુલનિર્માણ એ જ તે એનો સ્વભાવ છે - **ઓશો**
- દુઃખો તો હજી કો'કની સહાયથી દૂર કરી શકાશે પણ જીવનમાં ઘર કરી ગયેલા દોષો દૂર કરવા તો આપણે જાતે જ પુરુષાર્થ કરવો પડશે - **આચાર્ય વિજયરત્ન સુંદરસૂરીશ્વરજી**
- ગમતા સ્થાને પહોંચવા ધ્યેયની સાધના એટલે 'પ્રતિ ક્રમણ' - **જૈન શાસ્ત્ર**
- દુઃખ એ કદાચ જીવનનો ભાર છે પરંતુ પાપ એ તો જીવનનો શ્રાપ છે શેનાથી બચવું છે, ભારથી કે શ્રાપથી ? - **એસ. ભટ્ટાચાર્ય**
- આજનું ઔષધ : સંવેદનો તમારી આંતરિક માર્ગદર્શન વ્યવસ્થા છે, તમારી લાગણીનું હોકા યંત્ર છે

(સંકલન : દીપક વી. આશરા)

બોધકથા

આજકાલ તો 'નોકરી ખાલી છે'ની જાહેર ખબર આવે છે. ને દબાણ-લાગવગ ઈન્ટરવ્યુ પેપર ફોડવાની પ્રવૃત્તિ શરુ થઈ જાય. લેતી-દેતીથી પણ ન પતે તો પછી અન્યાય ભાંડવાનું શરુ થઈ જાય. ગ્રીસ દેશના સ્પાર્શ નામના રાજયમાં એક હોંશિયાર યુવાન પિટાયર્સ રહેતો. ભણી-ગણીને બેકાર હતો. નોકરીની જાહેરાત આવે અને અરજી કરતો. રાજયમાં એકવાર ત્રણસો જગ્યા માટે જાહેર ખબર આવી. હજારો બેકારોને આશા બંધાઈ. પિટાડર્સે પણ અરજી કરી. ઈન્ટરવ્યુ પછી પરિણામ આવ્યા. એમાં પણ પિયાડર્સની પસંદગી ન થઈ. પિટાડર્સના નજીકના મિત્રો એને ઘેર તેને આશ્વાસન આપતા ગયા. પિટાડર્સે હસતાં હસતાં જવાબ આપ્યો. 'ના, ભાઈ, ના મારી પસંદગી ન થઈ એમાં મને જરા પણ દુઃખ કે અન્યાય જેવું લાગતું નથી. ઊલ્ટું મને સંતોષ થયો કે આપણા રાજયમાં, મારા કરતાં વધારે વિદ્વાન એવાં ૩૦૦ લાયક હતા છતાં બેકાર હતા, એમને યોગ્ય સ્થાન તો મળ્યું, મને આનંદ થયો છે.'

ટ્રમ્પની મુલાકાત ગુજરાતને લાભદાયી

તંત્રીસ્થાનેથી...

ગુજરાતના ઈતિહાસમાં વધુ એક વખત સીમા ચિહ્નરૂપ પ્રસંગ આવી રહ્યો છે. વિશ્વની મહાસત્તા અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ ગુજરાતની મુલાકાતે આવે છે. આ મુલાકાત કોઈ સામાન્ય મુલાકાત નથી. આ પ્રસંગ પણ સામાન્ય પ્રસંગ નથી. ગુજરાતને આંગણે પ્રથમ વખત વૈશ્વિક મહાસત્તાના સર્વેસર્વા ટ્રમ્પના આગમનથી ઘટના ઐતિહાસિક બની છે. વિશ્વના બદલાતા પરિમાણોમાં અમેરિકાને જગત જમાદાર કહેવાય છે. અમેરિકા અને ભારતની દોસ્તી વધુ ગાઢ ન બને તેવી પેરવી કરનારા દેશો અને નેતાઓને ટ્રમ્પની ગુજરાતની મુલાકાત લપડાક બની રહેશે. તાજેતરમાં મહાભિયોગમાં ટ્રમ્પના વિજય સાથે વધુ એક શકિતશાળી વૈશ્વિક નેતા તરીકે ટ્રમ્પ પ્રસ્થાપિત થયા છે. એટલું જ નહી કુખ્યાત આતંકવાદી મીરકાસીમ સહિત અનેક આતંકવાદીઓને ઠાર મારી વૈશ્વિક શાંતિને બળ આપ્યું છે અને એ જ વાત ભારતના પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી કરી રહ્યા છે. એટલે સમાન વિચારધારાની મૈત્રી ગાઢ બને એ વિકાસ માટે શુભ નિશાની ગણી શકાય.

ગુજરાતની મુલાકાતની પસંદગી પણ રાજકીય ગણતરીનો ભાગ છે. આગામી વર્ષે અમેરિકાના રાષ્ટ્ર પ્રમુખની ચૂંટણી આવી રહી છે ત્યારે ડોનાલ્ડ ટ્રમ્પને પણ અમેરિકા વસ્તા ગુજરાત મૂળના સેંકડો નાગરિકોની જરૂર છે. વેપાર, સામાજિક અને શૈક્ષણિક ક્ષેત્રે ગુજરાતી પરિવારોનો દબદબો છે ત્યારે ગુજરાતીઓને વિશ્વાસમાં લેવા માટે ટ્રમ્પની મુલાકાત ઉત્તમ રાજકીય મોકો ગણી શકાય.

આગામી દિવસોમાં ગુજરાત વિકાસની ચરમસીમાએ પહોંચી રહ્યું છે ત્યારે અમેરિકાની વૈશ્વિક કંપનીઓનો ઉદ્યોગમાં લાભ મળે એવી ગણતરી પણ મંડાઈ રહી છે. મહારાષ્ટ્ર, મધ્યપ્રદેશ અને છત્તીસગઢ જેવા રાજયો કે દક્ષિણ ભારત જેવા પ્રગતિશીલ વિસ્તારોમાં ભાજપનું શાસન નથી ત્યારે ભાજપ શાસિત ગુજરાતને વધુ લાભ મળે એ કેન્દ્ર સરકાર ઈચ્છે તે સ્વાભાવિક છે. એટલે જ ટ્રમ્પની મુલાકાત ગુજરાતમાં ગોઠવાઈ છે. બંને પક્ષે લાભની દૃષ્ટિ છે. ગુજરાતને ટ્રમ્પને આવકારવા ઉમળકો છે કારણ કે વિકાસ માટે સહયોગ જરૂરી છે અને ટ્રમ્પને ગુજરાત આવવાનો ઉમળકો છે કેમ કે તેમને આગામી ચૂંટણીમાં ગુજરાતી મૂળના અમેરિકા સ્થિત પરિવારોના મત જોઈએ છે. આમ પરસ્પર લાભાલાભના સમીકરણોમાં ગુજરાતને લાભ જ લાભ છે.

ઉત્કૃષ્ઠ સંબંધ...

રંગ-ઉમંગ

કાનન ઓઝા

અધ્યાત્મ વિદ્યા પામવી છે તેવા માણસો આ જીવન મૂડી પામે તે માટે કેટલાંક નિયમો આત્મસાત કરવા જોઈએ. માણસે દરેક દિશામાં જોઈને ચાલવુ જોઈએ. એમ કરવું તેના હિતમાં છે જેમ કે નીચે જોઈ ચાલે તો ખાડામાં પગ ન પડે, કાંટો પથ્થર ન વાગે, તેથી પગ ન તૂટે ને હાડકાના ડૉક્ટર પાસે ન જવું પડે. જો આજુબાજુ ન જોવાય તો ત્યાંથી ચાલતા માણસ, વાહન કે પશુ સાથે, થાંભલા કે દિવાલ સાથે અથડાઈ જવાય. દુકાનોના બોર્ડ ઉપર, બારીઓ ઉપર નજરે નહિ પડતાં ત્યાંથી ચાલતા માણસ, વાહન કે પશુ સાથે, થાંભલાં કે દિવાલ સાથે અથડાઈ જવાય. દુકાનોના બોર્ડ ઉપર, બારીઓ ઉપર નજરે નહિ પડતાં ત્યાંની વસ્તુઓ ખરીદવાનો વિચાર આવે નહિ. પરિણામે જયાં જવાનું છે ત્યાં સમયસર, વિઘ્ન વગર જઈ શકાય. વળી પગ નીચે કોઈ જીવજંતુ ન દબાય, કચળાય, તેથી હિંસા થાય નહિ.

કપડાંથી ગાળીને પાણી પીવું, જેથી પાણીમાં આવતો કચરો પથરી ન કરે, સૂક્ષ્મ જીવાણુઓ રોન ન ઊભા કરી શકે અને હિંસા ન થાય. એક ભાઈએ પોતાના કોઈ પ્રસંગે આખા ગામમાં ઘર દીઠ સાકરનું પડીકું અને ગરણાનું એક વસ્ત્ર આપ્યું. આ ઉત્તમ ભેટ છે. એ તંદુરસ્તી આપે છે અને અહિંસાનું પુણ્ય પણ આપે છે. હિંસાના પાપમાંથી બચાવે છે.

શાસ્ત્રના ગરણે ગાળીને વાણી બોલો. સાચુ બોલો, મિત અને પ્રિય બોલો અને હિત થાય તેવું બોલો. કઠોર, કડવું, તીખુ તો કદીયે ન બોલો. મીઠુ બોલનાર કોયલના ગુણ ગવાય છે અને તેથી જ સુંદર મીઠું ગાનાર લતા મંગેશકરને કોકિલ કંઠી કહેવાય છે. કોયલને લત્તા કંઠી કોઈ નથી કહેતું. ઘરનો મોટો માણસ કડવું બોલ્યો હોય તો આખા ઘરમાં તમામ માણસોના મોં ઉદાસ થઈ જાય છે.

હવે કહો કે તે જ સમયે કોઈ મહેમાન આવી ચઢે તો તેને આવકાર કોણ આપે ? તેથી સાથે શાંતિથી વાતો કોણ, કેવી રીતે કરશે ? વિવેક અને ન્યાયી પુરુષાર્થથી ધન મેળવો. અને તેને સારી રીતે વાપરો. જરૂર કરતાં વધુ ધન હોય તેને જરૂરિયાતવાળાને આપો. દાન કરો. સમાજનું ઋણ તમારા ઉપર છે તેને દાન અને શરીરથી અદા કરો. ગુરુ-વચન સારી રીતે ગ્રહણ કરીને વિવેકપૂર્વક જીવન જીવો. ગુરુ આજ્ઞા અખંડપમે પાલન કરો. મનને પવિત્ર રાખીને જીવનમાં આનંદ માણો. પહેલાં કહેવાતું કે મન ગંગા જેવું પવિત્ર બનાવો, પણ હવે તો ગંગા જ મેલી થઈ ગઈ છે, તેને જ પવિત્ર બનાવવી પડશે. મનને ચોખ્ખું, નિર્મળ બનાવવાથી જીવન જીવવામાં આનંદ આવે છે. તેને પરિણામે સારી રીતે, સુખથી આનંદપૂર્વક જીવાય તો સારી રીતે મોક્ષ સાધના થઈ શકે છે.

જીવન જીવતાં સામે જે સંયોગો આવે, પરિસ્થિતિ આવે તે કાયમી ટકવાની નથી. એ બદલાતાં રહેશે. એ પ્રતિકૂળ હોય અને અનુકૂળ પણ હોઈ શકે. તેને કાયમી માનનાર માણસ દુઃખી થાય છે. મન ઉપર દબાણ લાવે છે. માટે એવું જયારે બને ત્યારે એ કાયમી નથી તેવો વિચાર કરો. અનુકૂળતાના સમયે છકી ન જાવ, પ્રતિકૂલતાના સમયે ઉદાસ ન થાવ, નંખાઈ ન જાવ, હિંમત ન હારો, એ બધા વિધિના ખેલ છે. વિધિ રાજાને રંક બનાવે છે, તો રંગને રાજા બનાવે છે. ધનવાનને નિર્ધન અને નિર્ધનને ધનવાન બનાવે છે. એ વાત સમજાતા જીવનેમાં મજા અને આનંદ આવશે. જીવનને જીવવા જેવું લાગશે.

આ આત્માને આપણે સાથે લઈને જ ફરીએ છીએ, છતાં આપણને તે સમજાતો નથી. અને બ્રહ્મ કહો કે ચૈતન્ય. ભારતીય તત્ત્વજ્ઞાન તેને માટે 'સાહેબ' શબ્દ વાપરે છે એનો બોધ ગુરુ શિષ્યને આપે છે. ગુરુને તેનો અનુભવ છે. એ મેળવીને શિષ્ય તેનો બદલો વાળવાની ઈચ્છા રાખે છે. પરંતુ તેને ભાન થાય છે કે આ ઋણ ગુરુનું હું મારું બધું આપીને પણ ચૂકવી શકીશ નહીં. ગુરુના ઉપકારનો બદલો આપી શકતો નથી. પણ શિષ્યના તો તે જાણીને જન્મ-મરણના ફેરા ટળી ગયા છે. તેથી એક જ ઉપાય બાકી રહ્યો છે તે દાસ, દાસ હું દાસ છું.

કલમ, કલા અને કેમેરાના કલાકાર : નિરંજન શર્મા

મોરપીંછના રંગ

ડો. કનૈયાલાલ ભટ્ટ

કેટલીક વ્યક્તિઓ જન્મજાત કલાકાર હોય છે. બસ માત્ર એક યોગ્ય તક મળતા એની અંદરનો કલાકાર આપોઆપ બહાર આવી જતો હોય છે. ખરેખર તો કલા એ માનવીને ઈશ્વરે આપેલું એક વરદાન છે. કલાથી માણસ જીવનને ભરપુર રીતે માણી શકે છે, સંસારના નાના મોટા દુઃખ સાચા કલાકારને ક્યારેય સ્પર્શી શકતા નથી. દુઃખી કરી શકતા નથી. કેમ કે સાચો કલાકાર સાંસારિક સર્વ સુખ દુઃખોથી પર હોય છે. કારણ કે પોતાની અંદરની કલાનું સુખ એને પરમ સુખની સીમા સુધી લઈ જતું હોય છે. સાહિત્ય, સંગીત, નાટ્ય, નૃત્ય, ચિત્ર, કે શિલ્પ... આ બધી કલા માનવીને ઈશ્વરની નજીક પહોંચાડે છે. પ્રજામાં સન્માનિત બનાવે છે. ગૌરવશાળી બનાવે છે.

કોઈપણ રાષ્ટ્ર કે રાજ્યના ગૌરવ કે વિકાસની સુવાસ ત્યારે જ પ્રસરે છે જ્યારે તે રાષ્ટ્ર કે રાજ્યમાં કલાકારોનું સન્માનનીય સ્થાન હોય. કેમ કે કલાકાર સમાજને સંવેદનશીલ બનાવે છે, સંસ્કારી બનાવે છે. આવા જ એક સંવેદનશીલ કલાકારની વાત આજે કરવી છે. શ્રી નિરંજન શર્મા મૂળે ગાંધીનગર પાસેના સાદરા ગામના વતની પરંતુ સાબરકાંઠાને પોતાની કર્મભૂમિ, જન્મભૂમિ બનાવનાર આ કલાકારનો જન્મ તા. ૩, માર્ચ, ૧૯૭૫ ના રોજ હિંમતનગર મુકામે થયેલો. અન્ય બાળકોની જેમ જ બાળપણમાં એક વખત શહેરમાં આવેલ ''મંગલ જાદુગર ''નો ખેલ જોવા ગયેલ. અને એ વખતે ૧૧ વર્ષની નાની ઉંમરે સ્ટેજ ઉપર મંગલ જાદુગરનો વૈભવ જોતા અતિ ઉત્સાહમાં આવી ગયેલ અને એ વખતે ફિલ્મ સ્ટાર ગોવિંદાના ફિલ્મી ડાન્સ ખૂબ લોકપ્રિય બનેલા અને આ ૧૧ વર્ષના નિરંજન ઉપર ગોવિંદાનો પ્રભાવ હોવાથી એના જેવો જ દમદાર ડાન્સ રજુ કરીને બધાની વાહવાહી લૂંટી હતી. વળી નોંધપાત્ર વાત એ હતી કે બાળ નિરંજનનો ચહેરો અને શરીરનો બાંધો પણ ગોવિંદા જેવો મળતો હોવાથી એના મનમાં એ વખતે પ્રશ્ન ઊઠેલો કે '' જો ગોવિંદા મુબંઈની ચાલીમાંથી ફિલ્મોમાં આવી હિરો બની શકતો હોય તો પોતે કેમ ના બની શકે ? '' એવા વિચારનું બીજ મનમાં રોપીને અભિનયમાં રસ જાગ્યો. અને શરું કરી મિમિક્રી. સોળ વર્ષની ઉંમરે લગભગ બધા જ પ્રસિદ્ધ એકટર્સના આબેહૂબ અવાજો કરવામાં માસ્ટરી મેળવીને સ્ટેજ પ્રોગ્રામો આપવાની શરુઆત કરી. પણ એ પહેલા અનેક મિત્રો, સગા સંબધીઓના લગ્નમાં, પાર્ટીઓમાં, પ્રસંગોમાં તહેવારોમાં સૌને મનોરંજન મળે એ હેતુથી આ મિમિક્રી કરીને ખૂબ જ પ્રસિદ્ધિ મેળવી લીધેલી. તેથી સ્ટેજ શૉ માટેનો આત્મવિશ્વાસ પણ ભરપૂર હતો.

શ્રી નિરંજન શર્માની આ મિમિક્રી જોઈને સ્કૂલના એક શિક્ષક તેને દૂરદર્શન કેન્દ્ર પર લઈ ગયેલા. આ વાતની જાણ સ્કૂલના પ્રિન્સીપાલને થતા તે શિક્ષકની સાથે ઝગડીને તેને નોકરીમાંથી છૂટ્ટો પણ કરવામાં આવેલ. આ વાતથી વિદ્યાર્થી નિરંજનને ખૂબ આઘાત લાગેલો કે પોતાને કારણે, કલાને કારણે પોતાના શિક્ષકને નોકરી ગુમાવવી પડેલી. ત્યાર પછી નિરંજને મનમાં ગાંઠવાળી કે હવે તો હું કલાકાર બનીને જ બધાને બતાવીશ. અને પછી આરંભાયો આ કલમ, કલા અને કેમેરા સાથેનો મહા સંઘર્ષ.

અ કલાકારનો પૈતૃક વ્યવસાય ''ચિત્રકારી'' નો, ૧૯૯૦ થી ૧૯૯૫ તેમણે કંપની વૉલ પેઈટિંગ કરીને તેમાંથી જે આવક થઈ તેમાંથી અભિનયની તાલીમ લઈને આ ક્ષેત્રમાં પોતાનું એક સ્થાન નિશ્ચિત કર્યું. જો કે આ કલાકારના જીવનનો વળાંક આવે છે ૧૯૯૪થી. આ વર્ષે પ્રસિદ્ધ ગુજરાતી અભિનેતા શ્રી અરવિંદ ત્રિવેદી '' લંકેશ '' સાબરકાંઠાની બેઠક પરથી લોકસભાની ચૂંટણી લડ્યા ત્યારે ૧૯ વર્ષની ઉંમરે નિરંજન શર્મા સતત આ લંકેશ સાથે રહીને એમની ખૂબ સાચા મનથી સેવા કરી. સેવા કરવાનું કારણ એ હતું કે લંકેશ પણ સુપ્રસિદ્ધ અભિનેતા અને કલાકાર હતાં. અને ભાઈશ્રી નિરંજન શર્માની અંદર પણ રહેલો એક કલાકાર સંપૂર્ણ રીતે બહાર આવવા માટે મથતો હતો. જો કે આ ૧૯ વર્ષના છોકરાની અંદરના કલાકારને ઓળખીને શ્રી અરવિંદ ત્રિવેદીએ એને મુંબઈ આવવાનું નિમંત્રણ પણ આપી દીધેલું. પરંતુ પોતાના પુત્રની હજી ઉંમર નહી હોવાથી એના મમ્મી પપ્પાએ મુંબઈ જવાની ના કહી અને નિરંજનના જીવનની એક અદૃશ્ય દુનિયા આપણી સામે આવતા આવતા રહી ગઈ. એક નવું ભવિષ્ય બનતા બનતા રહી ગયું. ત્યારબાદ આ કલાકાર ગુજરાતી ફિલ્મોના સુપર સ્ટાર અભિનય સમ્રાટ ઉપેન્દ્ર ત્રિવેદીના પરિચયમાં આવે છે. બીજી તરફ વ્યાવસાયિક જાહેર ખબરોનું લેખન કાર્ય શરુ કરે છે. એક્ટર તરીકે કોઈ દિગ્દર્શક પોતાને તેમની ફિલ્મમાં કે જાહેરાતમાં લે કે ના લે, પણ આ કામ પોતે જાતે જ શરું કર્યું. એક એકટર, લેખક, દિગ્દર્શક તરીકે પોતે જ પોતાને લોન્ચ કરીને માર્કેટ સામે પ્રસ્તુત કરીને સફળ બને છે.

મિમિક્રી આર્ટિસ્ટ તરીકે એમની એ સમયે ત્રણ ઓડિયો કેસેટ પણ રિલિઝ થયેલી છે. જેને અમદાવાદની એ સમયની જાણીતી કંપની જય સાઉન્ડ અને ટી.એક્સ દ્વારા આ કેસેટો બહાર પડેલી. જે ખૂબ ચાલેલી. આ ઉપરાંત નિરંજન શર્મા ખૂબ સારા ગાયક પણ છે ઈ.સ. ૧૯૯૧ થી ૧૯૯૫ સુધી એમણે ખૂબ જ ઓર્કેસ્ટ્રાના શૉ કર્યા છે. ગુજરાતની લગભગ મ્યુઝિકલ ઓર્કેસ્ટ્રા સાથે ગાયક, એનાઉન્સર તરીકે કામ કર્યુ છે. તો વળી સાતેક જેટલી ગુજરાતી ફિલ્મોમાં પણ તેઓ પોતાનો અભિનય આપી ચૂક્યા છે. ખાસ તો અરવિંદ ત્રિવેદીની ખૂબ સફલ ફિલ્મ '' દાદાને વહાલી દીકરી '' ગુજરાતી ફિલ્મમાં નેગેટિવ રૉલ કરીને સૌને પ્રસન્ન કર્યા હતા.

શ્રી નિરંજન શર્માના વ્યક્તિત્વની સૌથી મોટી ખાસિયત હોય તો તે એમની સકારાત્મકતા છે. જીવનની ગમે તેવી પરિસ્થિતિમાં તેઓ હંમેશાં સકારાત્મક રહ્યા છે. બાકી આ કલાકારોની દુનિયામાં, આ ક્ષેત્રમાં સતત સ્પર્ધા, રાગ, દ્વેષ, ઈર્ષા અને રાજનીતિ ચારેતરફ જોવા મળે છે ત્યારે આ કલાકાર બધા સાથે સરલ અને સમજણ પૂર્વકના સંબંધો રાખીને પોતાનું કામ પાર પાડે છે. આ સાલસ અને સરળ સ્વભાવને કારણે તેમને અનેક કામો મળતા ગયા, જેમાં તેઓએ મોટા પડદાની દસ ફિલ્મો, બસો જેટલી ઈન્ડસ્ટ્રીયલ ફિલ્મો અને એકાદ હજાર એડ ફિલ્મોનું નિર્માણ, દિગ્દર્શન કરીને પોતાની શક્તિ અને વ્યાપનો પરિચય આપ્યો છે. તો વળી આ સાથે શોર્ટ ફિલ્મો, એડિટિંગ, ટી.વી.ફિલ્મ, વિડીયો આલબમ, સાઉન્ડ રેકોર્ડિંગ, બેકગ્રાઉન્ડ મ્યૂઝિક, ડબીંગ... વગેરે પ્રકારના અનેક કાર્યોમાં આજે નિપુણતા આવતી ગઈ, કામો મળતા ગયા અને આજે અત્યાધૂનિક સાધનો વસાવીને આ બધા કાર્યો ખૂબ ઉત્તમ રીતે કરીને સફળતા મેળવી છે. અનેક એડ.ફિલ્મો, શૉર્ટ ફિલ્મો અને થિએટર ફિલ્મોનું જાતે દિગ્દર્શન તથા અભિનય કરીને, સાથે સંઘર્ષ કરતા અનેક કલાકાર મિત્રોને વિવિધ રૉલ આપીને, પોતાના બેનર હેઠળ એવૉર્ડ્સ આપીને, સન્માનિત કરીને પ્રોત્સાહિત પણ કર્યા છે. તો વળી ત્રણ ફૂલલેન્થ નાટકો અને કેટલાય એકાંકીઓમાં અભિનય આપીને પોતાની અભિનય ક્ષમતાનો પરિચય પણ આપ્યો છે.

અનુસંધાન પાના નં ૭ પર

તું અપને દિલકી જવા ધડકનો કો ગીન કે બતા, મેરી તરહ તેરા દિલ બેકરાર હૈ કી નહિ !

રઝળપાટ

અજય ઉપાધ્યાય

'સુનતે હૈ મિલ જાતી હૈ હર ચીઝ દુઆ સે, ઈક રોજ તુમ્હે માંગકે દેખેંગે ખુદા સે...' ....'તુમકો દેખા તો યે ખ્યાલ આયા, જિંદગી ધૂપ તુમ ઘના છાયાપ'.....કૌન કહેતા હૈ મુહોબ્બત કી જુબાં હોતી હૈ, યહ હકીકત તો નિગાહો સે બયા હોતી હૈ '...મુજમે જો કુછ અચ્છા હૈ સબ ઉસકા હૈ, મેરા જીતના ચર્ચા હૈ સબ ઉસકા હૈ ' ...' ઝુકી ઝુકી સી નજર બેકરાર હૈ કી નહિ, દબા દબા હી સહી દિલમે પ્યાર હૈ કી નહિ'.....શરૂઆતી શબ્દો વાંચીને એટલું તો સમજી ગયા હશો કે વાત પ્યાર...પ્રેમ...ઈશ્ક... મહોબ્બત...લવ ની થઈ રહી છે અને લાવની આ વાત થવાના એક નહિ પણ બે કારણ હાથવગા છે આ અઠવાડિયે...! કારણ નંબર ૧ : આ તમે વાંચતા હશો એના એક દિવસ પહેલા મખમલી અવાજના માલિક અને મૃત્યુ પછી પણ ગઝલ ચાહકોના દિલમાં સદાય જીવંત એવા જગજીતસિંહનો જન્મદિવસ હતો. અને કારણ નંબર ૨ પણ જગજીત સાથે જ જોડાયેલું છે અને એ છે કે આજથી પાંચ દિવસ પછી છે વેલેન્ટાઈન ડે, બોલે તો પ્રેમની અભિવ્યક્તિનો અવસર...! અને ઉપર લખી એ અને એવી અનેકો ગઝલોમાં જગજીતે પ્યાર...પ્રેમ...ઈઝહાર...વિરહના એવા રંગો રજુ કર્યા છે કે આજે પણ પ્રેમી-આશિક માટે આ ગઝલો - આ ગીતો પ્રસ્તુત છે...વેલેન્ટાઈન વિક હોય કે ના હોય તો પણ...!

હવે જો એવો પ્રશ્ન ઉઠે કે આ બન્નેનું જોડાણ કઈ રીતે તો સુજ્ઞ નિવેદનને કે જગજીતના નિધનને આજે એક દાયકો થવા આવ્યો છે છતાં પણ કોઈ ગમી જવાના સમયે......પ્યારમાં પડવાના સમયે કે પછી પ્યાર તૂટવાના સમયે જો કોઈની ગઝલ...કોઈનો અવાજ સતત તમારી સાથે રહેતો હોય તો એ છે જગજીત...!!! જગજીતે પ્યાર થવાથી લઈને પ્યાર તુટવા કે પ્યારમાં રહેવા સુધીની અસંખ્ય ગઝલો ગાઈ અને ચાહકો આજે પણ જગજીતની ગઝલો સાંભળે છે....ઈનફેક્ટ જગજીત ગઝલ ગાયકીનો એકમાત્ર એવો અવાજ હતો કે જેણે ગઝલ ગાયકીમાં નવા પરિમાણો ઉમેર્યા. ગઝલને સામાન્ય માણસ – ગઝલપ્રેમી સુધી પહોચાડવાનું શ્રેય જગજીતને જ જાય છે એમાં કોઈ શંકાને સ્થાન છે જ નહિ. જગજીતને ગઝલકિંગ - ગઝલસમ્રાટ કહેવાનું એક કારણ એ પણ છે કે એના પહેલા ગઝલ માત્ર ઉર્દુ જાણતા લોકો સુધી જ સીમિત હતી, જગજીતે આ ગઝલોને સામાન્ય ગઝલ ચાહક પણ સમજી શકે એ ભાષા અને એ અંદાજમાં રજુ કરી એટલું જ નહિ પણ ગઝલની રજુઆતમાં પણ નવીનતા લાવીને ગઝલના સંગીતમાં ભારતીય અને પશ્ચિમી સંગીતનો ઉપયોગ કર્યો.

'મુદ્દત મેં વો ફિર તાજા મુલાકાત કા આલમ, ખામોશ અદાઓમે વો જજબાત કા આલમ ' લલકારતા જગજીતે ગમતી પ્રિયતમાના ઘર પાસે કલાકો સુધી સાઈકલની ચેઈન ઉતરવાના બહાને કે વ્હીલમાંથી હવા નીકળી ગઈના બહાને લઈને કલાકો ફિલ્ડીંગ ભરી હતી. જગજીત પછીથી તો સાઈકલથી બાઈક પર આવી ગયા પણ એ સિલસિલો ચાલુ રહ્યો. જો કે તપસ્યાનો અંત અંતે તો નાકામીમાં જ આવ્યો. જો કે એવી જ નાકામી પછીથી પત્ની બનેલી ચિત્રસિંહને પણ લાગેલી. જ્યારે ચિત્રાસિંઘે પ્રથમ વાર જગજીતને સાંભળ્યા તો એને જગજીત કી આવાજ કુછ ખાસ જમી નહિ. જો કે ગઝલના ક્ષેત્રમાં એ પછીથી જગજીત-ચિત્રાની જોડીએ અનેક સુમધુર ગઝલોની હારમાળા સર્જી દીધી. જો કે યુવાન અને એકમાત્ર પુત્ર વિવેકના અકાળે અકસ્માતમાં મોતે આ સુરીલી બેલડીનો અવાજ છીનવી લીધો. જગજીત તો આ કારમાં આઘાતમાં એકાદ વર્ષ સુધી ગાયકીથી દુર જ રહ્યા પણ પત્ની ચિત્રાનો તો કંઠ જ રૂંધાઈ ગયો અને કારકિર્દીની ટોચ પર હોવા છતાં અને ગઝલરસીયાઓની અનેકો વિનંતી છતાં એ પછી ચિત્રા એ ગઝલ ગાયકીને સદાય માટે અલવિદા કરી દીધી. જગજીતે તો એકાદ વર્ષ પછી ગઝલ ફરીથી ગાવાનું શરુ કર્યું પણ એમના મોત સુધી એમના અવાજ અને વાતોમાં દીકરો ગુમાવવાનું દર્દ સદાય રહ્યું અને ' ચિઠ્ઠી ના કોઈ સંદેશ જાને વો કૌન સે દેશ તુમ ચલે ગયે ' નો પડઘો પડતો રહ્યો.

ખેર વાત વેલેન્ટાઈન વીકની ચાલી રહી છે તો જગજીતની ગઝલોથી વધુ સારો ગુલદસ્તો કયો હોઈ શકે ? પ્રિયતમાના આગમનને વધાવવા ' તેરે આને કી જબ ખબર મહેકે, તેરે ખુશ્બુ સે સારા ઘર મહેકે ' (નવાજ દેવબંદી)....કે પછી પ્રેમ અને જિંદગીની ભેળસેળને આબાદ વર્ણવતી ' હોશવાલો કો ખબર ક્યાં બેખુદી ક્યાં ચીજ હૈ, ઈશ્ક કીજે ફિર સમજીયે જિંદગી ક્યાં ચીજ હૈ '. (નીદા ફાજલી) ગઝલ હોય કે અલ્ટીમેટ ક્લાસિક ' તુમ ઈતના જો મુસ્કુરા રહે હો, ક્યાં ગમ હૈ જિસકી છુપા રહે હો '.(કૈફી આઝમી)..' '... કે પહેલા પ્યારના ઈજ્હારની મીઠી મુંજવણ.' પ્યાર કા પહેલા ખત લિખને મેં વક્ત તો લગતા હૈ, નયે પરીન્દો કો ઉડને મેં વક્ત તો લગતા હૈ '.(હસ્તીમલ હસ્તી). કે પછી મહેબુબાના પ્રથમ દર્શન વખતના ઉદગાર.' આપકો દેખકર દેખતા રહ ગયા, ક્યા કહું ઔર કહેને કો ક્યા રહ ગયા '(વસીમ બરેલવી)...' કે પછી 'તેરા ચહેરા કિતના સુહાના લગતા હૈ, તેરે આગે ચાંદ પુરાના લગતા હૈ' માં વ્યક્ત થતી મહેબુબાના ચહેરાની સુંદરતા.કે પ્રણયભગ્ન થયા પછી પણ ચારેકોર દેખાતી અને અનુભવાતી મહેબુબની યાદ માટે ' તુમ યે કૈસે જુદા હો ગયે, હર તરફ હર જગહ હો ગયે ' અને ' કહી કહી સે હર ચહેરા તુમ જૈસા લગતા હૈ, તુમ કો નાં ભૂલ પાયેંગે હમ ઐસા લગતા હૈ (નિદા ફાજલી) અને એવી જ કૈક દર્દીલી વાત..' વો ઈક હી તો ચહેરા નહિ સારે જમાનેમેં, જો દુર હૈ વો દિલસે ઉતર કયો નહિ જાતા ''..!!! છે ને એક થી એક ચડિયાતી નઝમ પ્રેમ...દિલ કે દીવાના ની..!!!

જગજીતે ગાયેલા 'હોઠો સે છું લો તુમ, મેરા ગીત અમર કર દો 'જેવા પ્રણયગીટોની સાથે સાથે જિંદગીના બીજા રંગો પણ સુપેરે રજુ કર્યા. માનવમન અને એની એકલતાની વાત કહેતી ' હર તરફ હર જગહ બેશુમાર આદમી, ફિર ભી તન્હાઈઓકા શિકાર આદમી ' (નીદા ફાજલી) કે ઓલટાઈમ હીટ ' યે દોલત ભી લે લો એ શોહરત ભી લે લો, ભલે છીન લો મુજસે મેરી જવાની, મગર મુજકો લૌટા દો વો બચપન કા સાવન વો કાગજ કી કશ્તી વો બારીશ કા પાની '.(સુદર્શન ફાકિર)....' કે માની યાદ માં મૈ રોયા પરદેશમેં ભીગા માં કા પ્યાર, દુખ ને દુખ સે બાત કી બિન ચિઠ્ઠી બિન તાર ' (નીદા ફાજલી)...' કે પછી કદાચ પુત્ર ગુમાવ્યાના દુખને ભુલાવીને કર્મની રજૂઆત કરતું ' તન્હા તન્હા હમ રો લેંગે મેહફીલ મેહફીલ ગાયેંગે, જબ તક આંસુ પાસ રહેંગે તબ તક ગીત સુનાયેંગે ' (નીદા ફાજલી)... લીસ્ટ લાંબુ થઈ શકે એમ છે અને જગજીતના ચાહકો માટે તો ઉપર લખ્યા એ ગઝલનુમા શબ્દો ઓછા જ પડવાના પણ પ્રેમ અને પ્રેમની અભિવ્યક્તિનો અવસર નજીકમાં જ છે ત્યારે પ્રેમ...વિરહ...આકર્ષણ...અફસોસ...જેવા રંગોથી જગજીતે સજાવેલી અને એના પંજાબી ટચવાળા મખમલી અવાજમાં ગાયેલી ગઝલો જગજીતના જન્મદિવસ અને વેલેન્ટાઈન વેળાએ આજે પણ પ્રસ્તુત છે...કર્ણમધુર છે....!